# ‘રામનવમી’ : સૂર્યવંશીય રાજા શ્રીરામજીનો જન્મદિવસ



**ધર્મ દર્શન**
બાળકૃષ્ણ વડનેરે

ચૈત્ર નવરાત્રીના નવમા નોરતે રામનવમી આવે છે પણ આ વર્ષે એકમનો ક્ષય હોવાથી સુદ આઠમના દિવસે રામજન્મોત્સવની ઉજવણી થશે.

સોમવારે તા. 23-03-2026 શ્રી પંચમી અને સુદનું પાંચમું નોરતું છે. ત્યારે સ્કંદ માતાનું પૂજન થાય છે. છઠ્ઠું નોરતું સ્કંદ છઠ નામે હોય અને કાત્યાયની માતાનું પૂજન થાય છે તથા વાસંતી દુર્ગામાતાનો ઉત્સવ અને પૂજન સાતમા નોરતે થાય છે. ત્યારે કાલરાત્રી માતાનું પૂજન થાય છે. કાલરાત્રી માતાનો ઉત્સવ બંગાલમાં મોટા પાપે ઉજવાય છે અને આઠમું નોરતું નવચંડી યજ્ઞથી ઉજ્જવલ બને અને મહાગૌરી માતાનું પૂજન થાય છે. નવરાત્રી ઉત્સવોમાં આઠમું નોરતું એટલે ભવાની પ્રાગટ્યનો અતિ મહત્ત્વનો સાક્ષાત્કારી દિવસ છે.

આ ચૈત્ર સુદ નવરાત્રીમાં ગુરુવાર તા. 26-03-2026 ના દિવસે પ્રભુ શ્રીરામનો જન્મોત્સવ રામનવમી છે અને અખંડ ભારતમાં અને વિશ્વમાં રામજન્મ દિવસ બપોરે 12.00 વાગે ઉજવાય છે. શ્રીરામજીને પારણામાં સુવડાવી ઝુલાવવામાં આવે છે. શંખનાદ થાય છે, વાજંત્રીઓ નિનાદે છે. ફૂલો અને ગુલાલનો વર્ષાવ થાય છે. શ્રીરામ આજ્ઞાકારી પુત્ર, માતા- પિતા-ગુરુનું સન્માન કરનારો આદર્શ યુવાન, સત્ય અને સંયમને પાળનારો પુરુષ, એક પત્નીવ્રતનો અંગીકારી અને કૃપાળુ બંધુ, પ્રેમી, પ્રજાદક્ષ રાજા. રામનું રામરાજ્ય સર્વમાન્ય હતું. ધૈર્ય, શૂરત્વ અને વચનને પાળનારા રઘુવંશી રાજા હતા. શ્રી વિષ્ણુના સાતમા અવતાર રૂપમાં માનવ જન્મ લેનારા શ્રીરામ માતા રાણી કૌશલ્યાના પુત્ર દશરથ નંદન અવતારી પુરુષ તરીકે જન્મ્યા હતા અને અનેક સંકટોનો સામનો કરીને રઘુકુળ મર્યાદા સંભાળી હતી. રામનું રામાયણ અને શ્રીરામની અદભુત કથાઓ-શ્રીરામનો સાચો પરિચય આપે છે. દેવરૂપ હોવા છતાં પણ મનુષ્ય જન્મ સાથે અવતરેલ રામ સાધુ, સંત, મહાત્માઓના ઋષિ-મુનિઓના એકનિષ્ઠ ભક્ત હતા. એમનું જીવન, જીવન જીવવાની એક મહત્ત્વની પાઠશાળા હતી એટલે શ્રીરામ અમર છે. ભકતો પર કૃપા વરસાવે છે. રામનામના મંત્રોથી, સ્મરણથી માનવજીવન પવિત્ર બને છે. તેવા મંત્ર અને લોકો વિશે જાણવાનું મહત્ત્વનું છે.

શ્રીરામ પ્રભુનો 13 અક્ષરનો સિદ્ધમંત્ર છે. જેનો જપ કરવાથી જીવનમાં શ્રેષ્ઠતા અને સાદગી નિર્માણ થાય છે. તેર અક્ષરી મંત્ર : ‘શ્રીરામ જયરામ જયજયરામ’ આ સિદ્ધમંત્રની રોજ તેર જપમાળા કરવાથી (માળામાં 108 મણકા હોવા જરૂરી છે) 13 દિવસની સમયમર્યાદા છે તો સાધકનું ધારેલું કામ સફળતા મેળવે છે. રામભક્તોએ કહ્યું છે,

રામનામ દો અક્ષર કા ગાયન હૈ પર
મોક્ષ મુક્તિકા સાધન હૈ.

અને રામનામ મંત્ર સર્વત્ર સર્વ સ્થાને કોઈ પણ સમયે લેવાશે. અખંડ નામજપ તરીકે શ્રીરામનામ સદૈવ વાણીમાં અને મનમાં રાખવાની આવશ્યકતા છે. રામનામ ઉદ્ધારક, ભય- પીડાનાશક અને શ્રેષ્ઠત્વ આપનારું છે એટલે બુધકૌશિક ઋષિએ શ્લોકમાં વર્ણવ્યું છે.

- રામં લક્ષ્મણ પૂર્વજં રઘુવરં સીતાપતિં સુન્દરં,
કાકુત્સ્થં કરુણાર્ણવં ગુણનિધિં વિપ્રપ્રિયં ધાર્મિકમ્
રાજેન્દ્રમ્ સત્યસન્ધં દશરથતનયં શ્યામલં શાન્તમૂર્તિમ્
વન્દે લોકાભિરામં રઘુકુલ તિલકં રાઘવં રાવણારિમ॥

- રામાય રામ ભદ્રાય રામચન્દ્રાય વૈધસે, રઘુનાથાય નાથાય -સીતાયા પતયે નમઃ |

- શ્રીરામ રામ રઘુનન્દન રામરામ / શ્રીરામ, રામ ભરતાગ્રજ રામરામ શ્રીરામ રામ રણકર્કશ રામરામ, શ્રીરામ રામ શરણં ભવ રામરામ.

- શ્રીરામચંદ્રચરણૌ મનસાસ્મરામિ, શ્રીરામચંદ્રચરણૌ વચસાગૃણામિ, શ્રીરામચંદ્રચરણૌ શિરસા નમામિ, શ્રીરામચંદ્રશરણૌ શરણં પ્રપચે.

- માતા રામો મત્પિતા રામચંદ્રઃ
સ્વામી રામોમત્સખા રામચંદ્રઃ
સર્વસ્વં મે રામચન્દ્રો દયાસુર

**શ્રીરામ પ્રભુનો 13 અક્ષરનો સિદ્ધમંત્ર છે. જેનો જપ કરવાથી જીવનમાં શ્રેષ્ઠતા અને સાદગી નિર્માણ થાય છે. ‘શ્રીરામ જયરામ જયજયરામ’ આ સિદ્ધમંત્રની રોજ તેર જપમાળા કરવાથી સાધકનું ધારેલું કામ સફળતા મેળવે છે**

નમ્યં જાવે નૈવ જાને ન મને.

- દક્ષિણે લક્ષ્મણો યસ્ય વામે તુ જનકાત્મજા
પુરતો મારુતિર્યસ્યતં વન્દે રઘુનન્દમ॥

- લોકાભિરામં રણરંગધીર, રાજીવ નેત્રં રઘુવંશનાથમ
કારુણ્યરૂપં કરણાકરં તે શ્રીરામચન્દ્ર શરણં પ્રપદ્યે ॥

ઉપરોક્ત સિદ્ધ પુરુષ ઋષિ બુધકૌશિકે આ શ્લોકોનું સવાર-સાંજ પઠન કરવાથી માનવ જીવન સાર્થક થાય છે એમ લખ્યું છે. ચૈત્ર માસમાં આ શ્લોક નિત્ય પઠન કરવાનો નિયમ મનુષ્ય જન્મને સિદ્ધિ આપે છે. સમસ્યા નિવારાણ થાય છે અને સત્ય, સંયમ, નિષ્ઠા અને વાણી શુદ્ધતા નિર્માણ થાય છે. શ્રીરામનામમાં અનેક ચમત્કાર છે અને રામનામ સંસાર ઉપભોગમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

---

# આયેંગે, આયેંગે, રામ આયેંગે



**પંચામૃત**
નીલાક્ષી પરીખ

રામનવમી કાનમાં કહી રહી છે હું આવી રહી છું. તા.26મીના રોજ રામનવમી છે. અયોધ્યામાં તો રામલલ્લા બિરાજી ચૂક્યા છે પણ આપણા જીવનમાં રામ ક્યારે આવશે? આપણે શબરીની જેમ શ્રદ્ધા રાખીએ કે ‘આયેંગે આયેંગે, રામ આયેંગે.’ સનાતન ધર્મમાં પ્રભુ શ્રી રામની ઉપાસનાનું અનન્ય મહત્ત્વ છે. રામ અને કૃષ્ણ આપણા ઈષ્ટ અને આરાધ્ય છે. મિત્રો ભગવાન રામના દર્શન કરો ને તો આ ખૂબ સુંદર વાતનું સ્મરણ કરીને કરજો જેથી અતિ પ્રસન્નતાનો અનુભવ થાય. પૂ. ગુરુદેવ કહે છે કે રામજીના પગમાં, આંખમાં ને કપાળે આ ત્રણ જગ્યાએ દર્શન કરો તો તમને ત્રણ વસ્તુઓ દેખાશે. રામના ચરણમાં છે કાંટા અને કાંકરા, રામની આંખમાં છે આંસુ અને રામના કપાળે છે પ્રસ્વેદનાં બિંદુ. એનો અર્થ એ થાય છે કે પગમાં જે કંટકો છે તે સંકટનાં પ્રતીક છે. આંખમાં અશ્રુ એ કરુણાનો સાગર છે અને લલાટે પ્રસ્વેદબિંદુ એ પરિશ્રમનું પ્રતીક છે. રામજી આગળ ચાલે છે. માર્ગમાં આવતાં કંટકોને પોતાના પગમાં ઝીલી લે છે. એ એમ બતાવે છે કે, ‘હે જીવ! હું તારા માર્ગમાં, તારા જીવનપથ પર તારી આગળ આગળ ચાલી તારા માર્ગમાં આવતાં સંકટના કંટકોને મારા પગમાં ઝાલી લેવા તૈયાર છું. તારા માટે પરિશ્રમ કરવા તૈયાર છું પણ હું આટલું કરું પછી તું મારી પાછળ આવ. પણ છતાંય દુનિયા રામ પાછળ જવામાં નહીં હરામ પાછળ જવાનું વધારે પસંદ કરે છે. સોનાની નગરી ભલે બનાવો પણ એ લંકા નહીં દ્વારિકા બને તેનો ખ્યાલ રાખજો. રામનું સ્મરણ કરીએ પણ રામનું કામ ન કરીએ તો એ સૂતેલી ભક્તિ છે. વિભીષણની ભક્તિ સૂતેલી ભક્તિ છે. એને જાગૃત કરી રામકાજમાં જોડવાનું કામ હનુમાજીએ કર્યું. રામના આવ્યા પહેલાં રાવણને હરાવી શકે એવા પરશુરામ, વાલિ, જનક, વિશ્વામિત્ર, વસિષ્ઠ જેવી મહાન વિભૂતિઓ હતી પણ એમની સજ્જનતા સક્રિય અને સંગઠિત ન હતી. ભગવાને અવતરણ દ્વારા સજ્જનતાને સક્રિય અને સંગઠિત કરી.

જેમ શ્રીકૃષ્ણ કહે છે કે અર્જુન બધું છોડીને અનન્ય ભાવે તું એકમાત્ર મારી શરણમાં આવ. રામ પણ આપણા માટે બધું જ કરવા તત્પર છે. પ્રભુનો એ ભાવ આપણને ભાવવિભોર કરવા પૂરતો નથી. રામનવમી નિકટ છે. ત્યારે આપણું જીવન મંગલ બને એવું વિચારીએ. મંગલ કયારે બને? જ્યારે જીવન ગતિશીલ હોય. ખાબોચિયાં જેવું ન હોય. ગંગાની જેમ પ્રવાહમાન હોય અને બીજી વાત જીવનની ગતિ સાચી દિશામાં હોય. આપણી દશા એટલે ખરાબ છે કેમ કે દિશા ખોટી છે. એ સાચી બને ત્યારે રામજીનું ચરિત્ર આપણા જીવનનું માર્ગદર્શન કરશે. જીવનને સુખ, શાંતિ અને આનંદથી ભરી દેશે કારણ કે રામ મંગલના ભવન અમંગલનું હરણ કરનારા છે. ‘આનંદ સિંધુ સુખરાસી’ છે તો અખિલ લોકદાયક છે.

પુરુષોત્તમ ભગવાન રામચંદ્રના પ્રાગટ્યનો અવસર. ચૈત્રમાસ શુક્લ પક્ષની નવમી તિથિ મધ્યાહન સમયે અભિજીત નક્ષત્રમાં ભગવાન શ્રીરામનું પ્રાગટ્ય છે. ભગવાન જન્મયા છે. તુલારાશિમાં. તુલા એટલે ત્રાજવું. તુલા બધુ સંતુલિત કરવાની વાત કરે છે. મધ્યમ માર્ગ અપનાવે છે. શસ્ત્ર અને શાસ્ત્રમાં મધ્યમ માર્ગ લે છે. ભગવાન શ્રીરામ આચરિત કર્મ ધર્મનું નામ છે. ભગવાન એટલા માટે જન્મ લે છે કે આપણે જન્મ સફળ બનાવીએ. આચરણ દ્વારા માનવને માર્ગદર્શન આપે છે. રામ ધર્મનું મૂર્તિમંત રૂપ છે. તેથી જ કહ્યું છે રામો વિગ્રહવાન ધર્મ. દુનિયાના બધા સાકારાનો સરવાળો એટલે પ્રભુ શ્રીરામ.

માનવરૂપ ધરીને ભગવાન વનવાસ સ્વીકારે. ગેરસમજણનો ભોગ બને. કડવા ઘૂંટડા હસતે મુખે, ફરિયાદ વિના ગળે ઉતારે. આપણે રામને એટલા માટે પૂજીએ છીએ કે રામના જીવનમાં કોઈ શિકાયત નથી છે તો ફક્ત સ્વીકાર છે. રામના જીવનમાં સ્નેહ છે. સર્મપણ છે. સરળતા છે. રામના જેવું સકારાત્મક ચરિત્ર બીજું ક્યાં મળે? એટલે જ તો રામ આદર્શ છે. મનમેં રામ, તનમેં રામ, રોમ રોમ મેં બસત હૈ રામ. કરોડો લોકોના હૃદયમાં વસનારા પ્રભુ શ્રીરામ આસ્થા અને ધર્મનું પ્રતીક છે. રામ જ્યાં જ્યાં ગયા ત્યાં પહેલેથી પ્રતીક્ષા છે. જેમ કે શબરી, અહલ્યા અરે ખુદ રાવણ પણ રામની પ્રતીક્ષા કરે છે. આદર્શપુત્ર, પતિ, ભાઈ, મિત્ર, આદર્શ રાજા આ સર્વનું સાક્ષાત ઉદાહરણ એટલે શ્રીરામ. ભગવાન શિવ સદા જેમના ધ્યાનમાં મગ્ન છે એવા રામનું નામ ભવપાર ઉતારે છે. રામનામ કલિયુગમાં કલ્પવૃક્ષ સમાન છે. જે મનગમતું ફળ આપે અને કલ્યાણ કરે. વિશ્વામિત્રજી રામજીને પોતાની રક્ષા કરવા માટે લેવા આવ્યા છે. રામાયણમાં વર્ણન છે કે વિશ્વામિત્રજી રથ વગર આવ્યા હતા અને રામ-લક્ષ્મણ પણ કોઈની સાથે રથ વગર ગયા નથી. તો રથ તો આપણને દેખાતો નથી. તુલસીજી લખે છે બહુ વિધિ કરતા મનોરથ જાત લાગ નહિ બાર. આવતા તેમને વાર ન લગી. કારણ મનોરથમાં બેસીને આવ્યા હતા. મનરૂપી રથમાં બેસીને ભગવાન પાસે પહોંચી શકાય અને જ્યારે ગયા તેઓ ધર્મ અને સંસ્કૃતિની રક્ષા માટે, ધર્મરથમાં ગયા છે. ધર્મરથનું વર્ણન લંકા કાંડમાં આવે છે. રામનું રથ બિરથ રઘુવીરા! દેખિ વિભીષણ ભયઉ અધીરા. રામે રાવણ લડવા આવ્યો છે. તે રથમાં આરૂઢ છે. રામ રથ વગરના છે. વિભિષણને ચિંતા થાય છે કે આપ કઈ રીતે લડશો? રામજી હસીને ધર્મરથનું વર્ણન કરે છે. વિભીષણને કહે છે ‘સખા મારી પાસે એવો ધર્મરથ છે જેનાથી સદાય વિજય પ્રાપ્ત થાય. તે રથ કેવો છે, તેનું વર્ણન કરે છે. શ્રીરામ સૌરજ ધીરજ તેહિ રથ ચાકા. સત્ય શીલ દ્રઢ ઘ્વજા પતાકા... શૌર્ય અને ધૈર્ય એ ધર્મરથના બે પૈંડા છે. ઘણાં શૌર્ય હોય પણ, પૈસો ન હોય તો વિજયી ન નીવડે. એકલું ધૈર્ય, શૌર્ય ન હોય તો શત્રુ લાફો મરીને જતો રહે તે એ બેઠો રહે. રામજીમાં શૌર્ય પણ છે અને ધૈર્ય પણ છે. રથની ઉપર સત્ય તો હોય પણ શીલ પણ છે. અંધને આંધળો કેવો ભલે સત્ય છે પણ શીલયુક્ત નથી. પિતાની પત્ની મા, એ બરાબર પણ માને મા કહેવાય, બાપની પત્ની ન કહેવાય. એમ કહેવું શીલયુકત સત્ય નથી. રામજીમાં શૌર્ય અને ધૈર્ય છે. જ્યાં સુધી વિશ્વમિત્રજી એ આજ્ઞા ન કરી ત્યાં સુધી રામજી ધનુભંગ માટે ઉભા ન થયા. મોહની કેદમાંથી ભક્તિને છોડાવવા યુધ્ધ કરવું પડે. કામ, ક્રોધ, લોભ જેવા ભીતરી શત્રુઓ સાથે. તેથી લંકાકાંડમાં યુદ્ધની કથા આવે. ત્યારે જીવનની ઉત્તરાવસ્થા આવે. ઉત્તરકાંડમાં જ્ઞાન તરફ જઈ મનુષ્ય અંતે મુક્તિને પામે. જીવનમાં પ્રત્યેક કાંડ સુંદર અને મંગલ બને અને જીવનયાત્રા સફળ બને. રામનું જીવન આપણને સુંદર સંદેશ આપે, જીવતા શીખવાડે છે. કામની મૈત્રી છોડો તો રામ અપનાવશે. હનુમાનજી વકીલાત કરશે તો અંતે ગુરુકૃપાએ એજ કહેવાનું કે જીવનમાં હરામ નહી રામ મુક્તિ છે. સત્કર્મનું ફળ સ્વર્ગ છે. અને ભક્તિનું ફળ ભગવાન છે. આપણે સુમતિ રૂપી ખેતરને સેવા અને સત્સંગ રૂપી હળ વડે ખેડવાનું છે. સત્કર્મના દાણા વાવવાના છે. ઈશ અનુગ્રહની વર્ષા મેળવવાવી છે. સીતાજીની પ્રાપ્તિ કરવાની છે. અને રામજી આપણે આંગણે સ્વયં ચાલીને ઊભા રહે તેવી ભૂમિકા ઊભી કરવાની છે. તો કહી શકાય કે આયેંગે, આયેંગે રામ આયેંગે.

(પૂ. શ્રી રમેશભાઈ ઓઝા, ના સત્સંગના આધારે)

**રામાયણના સાત કાંડ આપણી જીવનયાત્રાના સાત કાંડ છે. એક એક પગથિયું ચઢતાં ચઢતાં અંતે શ્રીરામના ચરણોમાં વિશ્રામ મળે તે માટેની આ જીવનયાત્રા છે. બાલકાંડ-બાલ્યાવસ્થાનું તો અયોધ્યાકાંડ યુવાવસ્થાનું પ્રતીક છે**